અપીલ અરજી નં.૪૦૭ તા.૧૯–૨–૧૦

અરજદારઃ– શ્રી નવિનચંદ્ર સન્મુખલાલ પોટલા

સામાવાળાઃ– (૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

(૨) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)

(૩) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નવિનચંદ્ર સન્મુખલાલ પોટલાની તા.૭–૧–૧૦ ની અરજીથી (૧) તા.૧૫–૯–૦૯ ના રોજ કરવામાં આવેલ અરજી બાબતે ખાતાકીય શું શું તપાસ કરવામાં આવી અને શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે તે બાબતની નકલ ફાળવવી. (૨) તા.૧૫–૯–૦૯ નાં રોજ કરવામાં આવેલ તે બાબતે વીજીલન્સ વિભાગ તરફથી ગેરકાયદેસર બાંધકામ બાબતે કેટલી મિલ્કતની સ્થળ મુલાકાત કરી અને શું કાર્યવાહી કરવામાં આવી અને ગેરકાયદેસર ચાલુ બાંધકામ કરનાર પર લાગતા–વળગતા વિભાગ તરફથી કેટલી મિલકતને નોટીસ આપવામાં આવી. વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૯–૨–૧૦ ની અપીલ અરજી નં.૪૦૭/૨૦૦૯–૧૦

શ્રી નવિનચંદ્ર સન્મુખલાલ પોટલાની તા.૭–૧–૧૦ ની અરજીથી (૧) તા.૧૫–૯–૦૯ ના રોજ કરવામાં આવેલ અરજી બાબતે ખાતાકીય શું શું તપાસ કરવામાં આવી અને શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે તે બાબતની નકલ ફાળવવી. (૨) તા.૧૫–૯–૦૯ નાં રોજ કરવામાં આવેલ તે બાબતે વીજીલન્સ વિભાગ તરફથી ગેરકાયદેસર બાંધકામ બાબતે કેટલી મિલ્કતની સ્થળ મુલાકાત કરી અને શું કાર્યવાહી કરવામાં આવી અને ગેરકાયદેસર ચાલુ બાંધકામ કરનાર પર લાગતા–વળગતા વિભાગ તરફથી કેટલી મિલકતને નોટીસ આપવામાં આવી. વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૧૪૯૫ તા.૨૮–૧–૧૦, ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસના પત્ર નં.ટી.ડી.ઓ./૫૩૪૩ તા.૫–૨–૧૦ થી આપેલ માહિતી અધુરી અને સંતોષકારક ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૩૬૨ તા.૨૬–૨–૧૦ થી ) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) (૨) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) (૩) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ અરજીમાં તા.૧૫–૯–૦૯ ની અરજીની નકલ તથા વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન અધિકારી તરફથી કોઈ માહિતી મળેલ છે કે કેમ? જો મળેલ હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને વીજીલન્સ એન્ડ ઈન્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વીઆઈડી/આ.નં.૧૭૦૨ તા.૫–૩–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારને આપેલ માહિતી પત્ર નં.વીઆઈડી/૧૫૨૮ તા. ૪–૨–૧૦ ના પત્રની નકલ તથા તેની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૪૧૦ તા.૧૨–૧–૧૦ થી વીજીલન્સ એન્ડ ઈન્પેકશન ઓફિસર અને ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કર્યા અંગેની પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ અત્રેના વિભાગને મળેલ છે. અરજદાર તરફથી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, નં.વીઆઈડી/૧૫૨૮ તા.૪–૨–૧૦ અને નં.વીઆઈડી /૧૩૮૪ તા.૧૫–૧–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૭–૧–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધ્કિારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં. (૧) તા.૧૫–૯–૦૯ ના રોજ કરવામાં આવેલ અરજી બાબતે ખાતાકીય શું શું તપાસ કરવામાં આવી અને શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે તે બાબતની નકલ ફાળવવી. મુદ્દા નં. (૨) તા.૧૫–૯–૦૯ નાં રોજ કરવામાં આવેલ તે બાબતે વીજીલન્સ વિભાગ તરફથી ગેરકાયદેસર બાંધકામ બાબતે કેટલી મિલ્કતની સ્થળ મુલાકાત કરી અને શું કાર્યવાહી કરવામાં આવી અને ગેરકાયદેસર ચાલુ બાંધકામ કરનાર પર લાગતા–વળ ગતા વિભાગ તરફથી કેટલી મિલકતને નોટીસ આપવામાં આવી.મુદ્દા નં.(૩) સેન્ટ્રલઝોનના મકાન રીપેરીંગની રસીદ સુરત મહાનગરપાલિકામાંથી મળવી મિલ્કતમાં રીપેરીંગની જગ્યા પર માળો બંધાય જાય તેમજ આખી મિલ્કતનું બાંધકામ થઈ જાય છે તેબાબતે વીજીલન્સ વિભાગથી કેટલી મિલ્કતની સ્થળ તપાસ કરવામાં આવી અને ખાતાકીય રીતે શું તપાસ કરવામાં આવી તે બાબતના રીપોર્ટની નકલ. મુદ્દા નં. (૪) વીજીલન્સ વિભાગ તરફથી ચાલુ બાંધકામ જે સેન્ટ્રલઝોન માં થાય છે તેવી કેટલી મિલ્કત તપાસ કરવામાં આવી અને શું શું તપાસ કરવામાં આવી ત્યાર બાદ ખાતાકીય વિગત મેળવી કેટલી મિલ્કતને ગેરકાયદેસર બાંધકામ બાબતે નોટીસ આપી. મુદ્દા નં.(૫) સબંધિત વિભાગને વિગતવાર અરજી તા.૧૫–૯–૦૯ ના રોજ કરવામાં આવેલ આ અરજી બાબતે કાર્યપાલક ઈજનેર , ડે.ઈજનેર તેમજ શહેર વિકાસ અધિકારી તેમજ કર્મચારી પર શું કાર્યવાહી વીજીલન્સ વિભાગ તરફથી કરવામાં આવી તે બાબતના રીપોર્ટની નકલ ફાળવવી. મુદ્દા નં.(૬) સેન્ટ્રેલઝોનમાં ટોટલ ગેરકાયદેસર બાંધકામ કેટલા તેની કુલ સંખ્યા આપો. આમ મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી અને તપાસની નકલની માંગણી કરેલ છે. જેના અનુસંધાને લાગત જાહેર માહિતી અધિકારીઓ તરફથી અરજદારને સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૪૧૦ તા.૧૨–૧–૧૦ થી વીજીલન્સ એન્ડ ઈન્પેકશન ઓફિસર અને ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ. જયારે સે.ઝોન/ આરટીઆઈ/ ૧૪૯૫ તા.૨૮–૧–૧૦ થી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી મુદ્દા નં.૬ સેન્ટ્રલઝોનને સ્પર્શે છે. જેમાં માંગેલી માહિતીનો સમયગાળો દર્શાવેલ ન

હોઈ તા.૧–૪–૦૯ થી તા.૩૧–૧૨–૦૯ સુધીની માહિતી તૈયાર કરેલ છે તે મુજબ ૪૮ મિલ્કતોને પરવાનગી વિના / મંજુર પ્લાન વિરુધ્ધના બાંધકામ અંગેની નોટીસો પાઠવવામાં આવેલ છે. તેવી માહિતી અરજદારને પૂરી પાડેલ. મુદ્દા નં.૬ નો અંશતઃ જવાબ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/ ૫૩૪૩ તા.૫–૨–૧૦ થી મુદ્દા નં.૬ ની આંશિક માહિતી શહેર વિકાસ (મધ્યસ્થ કચેરી)ના ઉપલબ્ધ રેકર્ડ મુજબ સ ેન્ટ્રલઝોનમાં ગેરકાયદેસર બાંધકામની સંખ્યા ૨(બે) છે. તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ છે. તેમજ પત્ર નં.વીઆઈડી/૧૫૨૮ તા.૪–૨–૧૦ થી અરજદારની તા.૧૫–૯–૦૯ ની અરજી અંગે સેન્ટ્રલઝોનના વોર્ડ નં.૪/૪૪૨૪ વાળી મિલ્કતની સ્થળ તપાસ કરી સદર મિલ્કતના બાંધકામ અંગે તપાસ કરી કમિશ્નરશ્રીના તા.૨૬–૧૨–૦૯ થી કરેલ આદેશાનુસાર આગળની નિયમોનુસારની કાર્યવાહી અર્થે રીપોર્ટ સેન્ટ્રલઝોન પ્રતિ મોકલવામાં આવેલ છે તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૯–૨–૧૦ ના રોજ અપીલ અરજીમાં અપીલના મુદ્દા નં.૧ માં જે માહિતી માંગેલ અરજીના મુદ્દા નં.૧ થી ૬ ની જે સાચી નથી તેમજ અધૂરી અને સંતોષકારક નથી. અપીલ ના મુદ્દા નં.૨ મુળ અરજીના મુદ્દા નં. ૬ બાબતે સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૧૪૯૫ તા.૨૮–૧–૧૦ જવાબ ખોટો છે જેમાં આપેલા સમયગાળા દરમ્યાન ૪૮ મિલ્કતો પ્લાન વિરુધ્ધનું બાંધકામ બાબતે નોટીસ આપેલ એવું જણાવેલ છે. પરંતુ નોટીસ બાદ શું કાર્યવાહી કરવામાં આવી રહી છે જે અંગે કોઈ જાણકારી આપેલ નથી અને માહિતી અધૂરી છે તેવી રજૂઆત કરેલ છે. અરજદારે મુળ અરજીમાં ગેરકાયદેસર બાંધકામોની જ સંખ્યા માંગેલ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ છે. અરજદારે નોટીસ બાદની કાર્યવાહી અંગે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. અપીલના મુદ્દા નં.૩ બાબતે અરજદારે અપીલના મુદ્દા નં.૬ નો અંશતઃ મધ્યસ્થ શહેર વિકાસ તરફથી નં.ટીડીઓ/૫૩૪૩ તા.૫–૨–૧૦ ના રોજ જવાબ આપવામાં આવે છે જે ખોટો છે. મને જે જાણકારી આપેલ છે જેમાં ગેરકાયદેસર બાંધકામની સંખ્યા ૨(બે) બતાવવામાં આવેલ છે પરંતુ આ ગેરકાયદેસર બાંધકામવાળાને નોટીસ કે અન્ય કોઈ કાર્યવાહી કરવામાં ન આવી શા માટે. અરજદારે મુળ અરજીમાં ગેરકાયદેસર બાંધકામોની જ સંખ્યા માંગેલ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ છે. અરજદારે નોટીસ કે બાદની કાર્યવાહી અંગે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. અપીલના મુદ્દા નં. ૪ શહેર વિકાસ અધિકારી તરફથી ૪૮ ગેરકાયદેસર બાંધકામ જણાવે છે જયારે ડાયરેકટર ઓફ પ્લાનીંગ બે ગેરકાયદેસર બાંધકામ જણાવે છે. તો આ બંને જે આંકડા બતાવે છે જેનો કોઈ મેળ ખાતો નથી મતલબ માહિતી ખોટી તેમજ અધૂરી છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલ માહિતીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે સેન્ટ્રલઝોનના મુદ્દા નં.૬ ને સ્પર્શે છે તેની મિલ્કતોની પરવાનગી વિના અને મંજુર પ્લાન વિરુધ્ધ ૪૮ ને નોટીસ આપેલ છે. જયારે ડાયરેકટર ઓફ પ્લાનીંગે તેમના ખાતાને શહેર વિકાસ મધ્યસ્થના ઉપલબ્ધ રેકર્ડ મુજબ બાંધકામની સંખ્યા ૨(બે) છે. આમ બંને વિભાગોની અલગ અલગ સંખ્યાઓને તેમને સ્પર્શતા વિભાગોની બાબત છે તે માહિતીમાં જણાવેલ છે. જયારે અરજદારે તેની સરખામણી કરેલ છે. અપીલના મુદ્દા નં.૫ અરજદારે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવામાં આવેલ નથી જે બાબતે તે અંગે સ્પર્શતા મુદ્દા બાબતે તા.૧૫–૯–૦૯ ની અરજી બાબતે માંગેલ માહિતી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન અધિકારી અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વીઆઈડી/૧ ૫૨૮ તા.૪–૨–૧૦ અને નં.વીઆઈડી/૧૩૮૪ તા.૧૫–૧–૧૦ થી વોર્ડ નં.૪/૪૪૨૪ વાળી મિલ્કતના બાંધકામ અંગે તપાસ કરી કમશિનરશ્રીના તા.૨૬–૧૨–૦૯ ના આદેશાનુસાર આગળની કાર્યવાહી કરવા સેન્ટ્રલઝોનમાં તા.૨૯–૧ ૨–૦૯ થી રીપોર્ટ મોકલવામાં આવેલ છે. તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ છે. પરંતુ મુદ્દા નં.૨ થી ૪ ની માહિતીની કોઈ વિગતો વીજીલન્સ તરફથી અપાયેલ જણાતી નથી. કે મુદ્દા નં.૧ અંગે તપાસની હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી. કે તેના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ કોઈ અપવાદ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૭–૧–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી ત્રણેય જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ છે. તે પૈકી ફરીયાદની હકીકતમાં ઉત્તરાર્ધ ભાગમાં જણાવેલ વિગતે વીજીલન્સ ખાતાના જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૨ થી ૪ ની માહિતી તથા મુદ્દા નં.૧ તપાસની હકીકતલક્ષી વિગત આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) (૨) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) (૩) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી....જાણ તથા અમલ માટે

(૨) શ્રી નવિનચંદ્ર સન્મુખલાલ પોટલા,